# ગુજરાત જાહેર સેવા આયોગ

શાખા - ઇએક્સ

**જાહેરાત ક્રમાંક : ( ૦૧ /૨૦૧૬-૧૭ )** - વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં ભાષાંતરકાર (Translator) વર્ગ- ૩ ની પ્રથમ પાંચ વર્ષના કરાર આધારિત નિમણૂંક માટે નીચે દર્શાવેલ જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.in પર **તા. ૦૫/૦૪/૨૦૧૬ થી તા. ૨૧/૦૪/૨૦૧૬** દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. સા.અને શૈ.પ.વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા મહિલા ઉમેદવારો માટે અનામત જગ્યાની વિગત નીચે મુજબ છે. મહિલાઓ માટે અનામત જગ્યા પર ઉમેદવાર નહીં મળે તો આ જગ્યા સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે.

**નોંધ : આ જગ્યાની સ્પર્ધાત્મક પરીક્ષા સંભવત: ૨૩-૨૪ /૦૭ /૨૦૧૬માં યોજવામાં આવશે.**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્ત અને માજી સૈનિક માટે અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.અને શૈ.પ. વર્ગ | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.અને શૈ.પ. વર્ગ | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| ૦૧-૨૦૧૬/૧૭ | ભાષાંતરકાર, વર્ગ-૩ | ૦૫ | ૦૫ | - | - | - | ૦૨ | - | - | - | - | ૦૧ |

**નોંધ:-** (૧) અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામતના ધોરણો લાગુ પડશે. (૨) શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે કોઇ જગ્યા અનામત નથી પરંતુ **શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો પૈકી** (૧) ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી શ્રવણની ખામીવાળા એટલે કે મોડરેટ કક્ષા સુધી વિકલાંગતા ધરાવતા ઉમેદવારો **અને** (૨) **OA (One Arm), OL (One Leg), BL (Both Legs), OAL (One Arm & One Leg)ની હલનચલનની અથવા મગજના લકવાની ખામીવાળા ઉમેદવારો** આ જગ્યા માટે ઉમેદવારી કરી શકશે.

**(૧) લાયકાત :** ૧.( ૧ ) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇમાંથી અથવા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇ શૈક્ષણિક સંસ્થામાંથી મુખ્ય વિષય તરીકે ગુજરાતી અથવા અંગ્રેજી વિષય સાથે મેળવેલી વિનયન શાખાની દ્વીતીય વર્ગની સ્નાતકની પદવી અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ. ૧.(૨) ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ. ૧.(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

**(૨) વયમર્યાદા:** તા. ૨૧/૦૪/૨૦૧૬ ના રોજ ઉમેદવારની ઉંમર ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. શારીરીક રીતે અશક્ત ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમ મુજબ **ઉપલી વયમર્યાદામાં** છુટછાટ મળવા પાત્ર થશે. ગુજરાત સરકારના કર્મચારીઓ ને ઉપલી વયમર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવા પાત્ર નથી.

**(૩) પગાર ધોરણ**: રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ-પે રૂ. ૨૮૦૦ (હાલ પાંચ વર્ષના સમયગાળા માટે ફીક્સ પગાર રૂ.૯૪૦૦/-)

**(૪)પરીક્ષામાં પ્રવેશ**: Online મળેલ અરજીઓની ચકાસણી કર્યા વગર જ પ્રત્યેક ઉમેદવારને પરીક્ષામાં કામચલાઉ શરતી પ્રવેશ આપવામાં આવશે. એટલે ઉમેદવાર પરીક્ષામાં લાયકીધોરણ મેળવે છતાં જો તે ભરતી નિયમો પ્રમાણે શૈક્ષણિક લાયકાત, વય, જાહેરાતની જોગવાઇઓ પ્રમાણેની લાયકાતો તથા અન્ય યોગ્યતાઓ નહિ ધરાવતા હોય તો તેમનો પ્રવેશ આપોઆપ રદબાતલ ગણાશે. ઉમેદવારોએ પોતાના ખર્ચે પરીક્ષા સ્થળ પર પહોંચવાનું રહેશે.

**(૫)અભ્યાસક્રમ** : **પ્રશ્નપત્ર-૧ :** સામાન્ય ગુજરાતી , **સમય ૨ કલાક, ગુણ- ૧૦૦.** આ પ્રશ્નપત્રમાં નીચેના પ્રશ્નોનો સમાવેશ થશે. (૧) સંક્ષિપ્ત લેખન, સારાંશ. (૨) વ્યાકરણ, (૩) સાચી જોડણી વાપરવી, (૪) નિબંધ અથવા પત્રલેખન, **પ્રશ્નપત્ર-૨ :** અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર, **સમય ૨ કલાક, ગુણ -૧૦૦..** (વૈધાનિક જોગવાઇઓ અને વૈધાનિક નિયમો, જાહેરનામા અને હુકમ ઉપર આધારિત) **પ્રશ્નપત્ર-૩ : સામાન્ય અંગ્રેજી, સમય ૨ કલાક, ગુણ- ૧૦૦.** આ પ્રશ્નપત્રમાં નીચેના પ્રશ્નોનો સમાવેશ થશે. (૧) ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર -૫૦ ગુણ, (૨) અંગ્રેજી વ્યાકરણ -૫૦ ગુણ. પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે લાયકાતનું ધોરણ આયોગ વખતોવખત નક્કી કરે તે પ્રમાણેનું રહેશે. પ્રશ્નપત્રનું ધોરણ 'સામાન્ય ગુજરાતી' અને 'સામાન્ય અંગ્રેજી' માટે પદવી પરીક્ષાના ધોરણ જેટલું જ રહેશે. પરીક્ષાનું માધ્યમ પ્રશ્નપત્ર-૩ સિવાય ગુજરાતી રહેશે.

**(૬)પરીક્ષા ફી**: **અનામત વર્ગના** ઉમેદવારો, માજી સૈનિકો તથા શારીરિક અશક્ત ઉમેદવારોને ફી માંથી મુકિત આપવામાં આવેલ છે.

**(૭) નિમણૂક:** (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટરના પાયાના જ્ઞાન અંગેની અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**નોંધ:-** અરજીફોર્મ મેળવવાની, ફીની, વયમર્યાદામાં છૂટછાટની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર અથવા ગુજરાત રોજગાર સમાચાર તથા તેની વેબસાઇટ www.gujarat.informations.net ઉપર અચૂક જોવાની રહેશે. વેબસાઇટ ઉપરની વિગતો જોયા વિના ઉમેદવાર અરજી કરશે અને અરજીમાં કોઇ માહિતી/વિગતો આપવામાં આવશે નહિ કે અધૂરી આપવામાં આવશે કે જાહેરાતની સૂચનાઓ મુજબ આપવામાં આવશે નહિ તો, તેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે અને આ અંગે પાછળથી કોઇ ફરિયાદ કે રજૂઆત આયોગ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

## (૮) Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:

**આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે.** ઉમેદવાર તા. ૦૫/૦૪/૨૦૧૬ ,૧૩.૦૦ કલાક થી તા. ૨૧/૦૪/૨૦૧૬,૧૩.૦૦ કલાક સુધીમાં http://gpsc-ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. **ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.**

૮. (૧) સૌ પ્રથમ http://gpsc-ojas.gujarat.gov.in પર જવું. ૮. (૨) Apply On line Click કરવું. આ પ્રમાણે Click કરવાથી (1) More details તથા (2) Apply Now બટન દેખાશે. સૌ પ્રથમ

More details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો અને ત્યારબાદ Apply Now બટન Click કરવું.

૮. (૩) ભાષાંતરકાર (Translator) વર્ગ- ૩ પર click કરવાથી જગ્યાની વિગતો મળશે.

૮. (૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Formatમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*)નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details"માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે.

૮. (૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી.

૮. (૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

૮. (૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી . વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp. પર "click" કરી Details ભરવી.

૮. (૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી જો વધારાનો અનુભવ ojas moduleમાં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર ojasમાં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

૮. (૯) તેની નીચે "Self declaration"માં Yes / No પર "click" કરવું.

૮. (૧૦) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

૮. (૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે,આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. <u>**એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.**</u>

૮. (૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો અહીં photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Formatમાં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open Button" ને click કરો હવે "Browse Button "ની બાજુમાં "Upload Button"પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

૮. (૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલી અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

૮. (૧૪) **બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:**

(૧) **પોસ્ટ ઓફીસમાં:** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ તા. ૨૧/૦૪/૨૦૧૬ ૧૩:૦૦ કલાક સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનું રહેશે .

(૨) **ઓનલાઈન ફી:** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

(૩) રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા આ ઉમેદવારોએ રૂ.૧૦૦/- ના "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ" ના નામના ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ફી જમા કરાવી શકશે.

૮. (૧૫) Confirm થયેલ અરજીપત્રક તથા ફી અંગેનું ચલણ (ફી ભરવાના કિસ્સામાં) ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

૮. (૧૬) આ જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

## (૯) અરજી ફી :

૯. (૧) માજી સૈનિકોએ તથા શારીરિક અશક્ત ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.
૯. (૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.
૯. (૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં. તે સિવાયના ધોરણો બિન અનામત વર્ગના લાગુ પડશે.
૯. (૪) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.
૯. (૫) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.
૯. (૬) આ ફી ફક્ત પોસ્ટ ઓફીસ /નેટ બેંકીંગ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડર (રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો સિવાય ) કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

## (૧૦) સામાન્ય શરતો :

૧૦.(૧) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

૧૦.(૨) બિન અનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ, વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ મળશે.

૧૦. (૩) માજી સૈનિકો તથા ઇ.સી.ઓ./એસ.એસ.સી.ઓ સહિત જેમણે લશ્કરની સેવાઓમાં ઓછામાં ઓછી પાંચ વર્ષની ફરજ બજાવી હોય અને લશ્કરી સેવા માટે શારીરિક અશક્તતાના કારણે બરતરફ કે છૂટા કરવાના કારણસર મુદત પૂરી થયેથી ( જેમની મુદત છ મહિનામાં પુરી થવાની હોય તેઓ સહિત ) છૂટા થયેલ હોય તેઓને, વય મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે.

૧૦. (૪) મૂળ ગુજરાતના સા.અને શૈ.પ.વર્ગના, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિનાં ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.

૧૦. (૫) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ ( Passing Standard ) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

**૧૦. (૬) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવામાં માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂક સમયે પુન: લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત આયોગની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં આયોગની કચેરીમાં રજુ કરવાના રહેશે.**

**૧૦. (૭) એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત ) , બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફ્ટીંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઇકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાયફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ,હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમણે લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે, સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી મેળવેલ જરૂરી પ્રમાણપત્ર, આયોગ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે.**

૧૦. (૮) એક વખત Online અરજી કર્યા બાદ, Online Form માં દર્શાવેલ કાસ્ટ/કેટેગરીમાં " **Online Aplication " ની અરજીના અન્ય કોઇ કોલમમાં/વિગતોમાં, કોઇપણ જાતનો ફેરફાર પાછળથી કરવા દેવામાં આવશે નહિ. જો કોઇ ઉમેદવાર પાછળથી આ બાબતે રજુઆત કરશે તો, તેની રજુઆત સ્વીકારવામાં આવશે નહિ કે પ્રત્યુતર આયોગની કચેરી દ્વારા આપવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઇ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.**

**૧૦.(૯) જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**૧૦.(૧૦) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.**

**ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.**

**નોંધ :** ભાષાંતરકાર (Translator) વર્ગ- ૩ની જગ્યાના ભરતી નિયમો તથા મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-(ક)/પરિશિષ્ટ-(૪) નો નમૂનો, શારીરિક રીતે અશક્ત (Disabled) ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯-૨૫૫૦૭૭૩૭ પરથી મળી શકશે.

## ભાષાંતરકાર (Translator) વર્ગ- ૩ ની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ

### ૧. નાગરિકત્વ:

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧- જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન,(બાંગ્લાદેશ) બર્મા (મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

### ૨. જન્મ તારીખ:

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ........... છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

### ૩. વયમર્યાદા:

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૨ | બિન અનામત મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | માજી સૈનિકો. ઇ.સી.ઓ. એસ. એસ. સી.ઓ. સહિત ઉમેદવારો | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | ગુજરાત સરકારનાં કર્મચારી | ગુજરાત સરકારનાં કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં કોઈપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |
| ૪ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો (જોગવાઇ-૧૦ માં આપેલ વિગતને આધિન) | દસ વર્ષ |

## ૪. શૈક્ષણિક લાયકાત:

(૧) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૨) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શાળા/કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૩) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૪) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૫. અનામત ઉમેદવારો માટે:

(૧) મૂળ ગુજરાતના **સા અને શૈ.પ.**વર્ગના ઉમેદવારો, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિનાં ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે ફી માં લાભ મળશે.

(૨) અનામત વર્ગનો ફી માં લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૩) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

## ૬. માજી સૈનિક:

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

## ૭. શારીરિક અશક્તતા ધરાવતાં ઉમેદવારો:

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધું હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) શ્રવણની ખામી (૨) હલનચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય ,પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વિકારવામાં આવશે નહીં શારીરિક અશક્ત ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૮. વિધવા ઉમેદવાર:

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે “હા” અચૂક લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

## ૯. ના વાંધા પ્રમાણપત્ર:

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયુક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

## ૧૦. ગેરલાયક ઉમેદવાર:

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૧. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

## ૧૨. નિમણૂંક:

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત /અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે,તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથીપૂર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૧૩. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,
(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,
(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય ,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય ,
(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,
(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,
(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી , જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી , પુસ્તક , ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,
(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી , કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી , અથવા
(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપો આપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.
(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા
(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે
(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે , અને
(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને
(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.
(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને
(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,
(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને
(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

**૧૪.નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી) :**

(૧) આયોગના ઓનલાઈન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય
(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અવાચ્ય હોય.
(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.
(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.
(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરેલ ન હોય.
(૬) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.
(૭) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય.
(૮) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.
(૯) ) જન્મ તારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

**ખાસ નોંધ : ઉમેદવારોએ અરજીપત્રક તથા તેનાં બિડાણો જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ મોકલવાનાં રહેશે.**

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

Online Applications are invited between Date :**05/04/2016 (13-00 Hours) to 21/04/2016 (13-00 Hours)** for selection through competitive examination on contract basis for first five years to the post of Translator, Class-III (in the Subordinate service of the Legislative and Parliamentary Affairs Department). The reservation for S.& E.B.C., S.C., S.T. & women candidates is as under.

In case of non-availability of Women candidates, in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

**Note: The Competitive Exam for this post will be held on : 23-24/07/2016**

| Avt.no. | Name of the post | Total posts | Category wise posts | | | | Out of Category wise posts reserved for women | | | | Out of Category wise posts reserved for P.D. candidate & Ex-serviceman | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Gen. | S.& E. B.C. | S.C. | S. T. | Gen. | S.& E. B.C. | S.C. | S. T. | P.D. candidate | Ex-serviceman |
| 01-2016/17 | Translator, Class-III | 05 | 05 | -- | -- | -- | 02 | -- | -- | -- | -- | 01 |

Note : (1) The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category. (2) There is no post reserved for Physically Disabled candidates. However the candidate having disability of Deafness between 40% to 75% and OA (One Arm), OL (One Leg), BL (Both Legs), OAL (One Arm & One Leg) can apply for this post. **E.Q. :** A candidate shall possess (i) a second class Bachelor's degree in Arts With Gujarati or English as a principal subject obtained from any of the Universities established or incorporated by or under the Central or state Act in India; or any other educational institution recognized as such or declared to be deemed university under section 3 of the University Grant Commission Act,1956; or possess an equivalent qualification recognized as such by the Government;(ii) the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules-1967; and (iii) Adequate knowledge of Gujarati or Hindi or both.

**Pay Scale**: **Rs.** 5200-20,200 + Grade-pay **Rs.** 2800 (Initially Rs.9400/- fix pay for five years contract period )

**Age :** A candidate shall not be more than 35 years of age.

Age will be calculated as on the last date of receipt of application.

Upper age limit shall be relaxed as under :

| | | |
|---|---|---|
| 1 | Women candidates of unreserved candidates | 05 years (Maximum up to 45 years) |
| 2 | Physically disabled candidates | Maximum up to 10 (ten) years subject to his / her ability to discharge duties attached to the posts, as may be performed by any other normal persons, on the basis of production of medical certificate prescribed Vide GAD circular dated 01-12-2008 from the Medical Board. (Maximum up to 45 years of age) |
| 3 | Government Servant | No relaxation in upper age will be available to Government Servant |
| 4 | Ex-servicemen / Officers | The upper age limit shall be relaxed by the length of Military Service plus three years., up to maximum 45 years of age. |

The details of advertisement can be seen on web site www.gpsc.gujarat.gov.in

Date : / /2016

( N.M.Dhruv )
Joint Secretary,
Gujarat Public Service Commission